## નિકોલ પોલીસ સ્ટેશનઅમદાવાદ શહેર.

### પ્રેસ નોટ

### શ્રાવણ માસ દરમ્યાન શ્રાવાણીયો જુગાર રમતા "છ" ઈસમોને જુગાર રમવાના સાધનો કુલ્લે રૂપીયા-૮૬,૫૫૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી પાડતી નિકોલ પોલીસ

---

આજરોજ તા.૦૭/૦૮/૧૯ નારોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ નાઓ તરફથી આપવામાં આવેલ સુચના આધારે તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'આઇ' ડીવીઝન સાહેબ નાઓના સીધા માર્ગદર્શન હેઠળ સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી એચ.બી ઝાલા સા.નાઓએ આપેલ સુચના આધારે "હાલમાં શ્રવાણ માસ ચાલતો હોય કેટાલાક અસામાજીક તત્વો પોતાના અર્થિક ફાયદા સારૂ શ્રાવણીયો જુગાર રમી રમાડતા હોય છે. આવા અસામાજીક તત્વો દ્વારા જુગાર રમી રમાડાતા ઈસમોને શોધી કઢવા સારૂ સુચના આપેલ હોય જે સુચના આધારે સર્વેલન્સ પો.સ.ઇ. શ્રી એચ.વી.છાસટીયાનાઓ પોતાના સ્ટાફના ASI રાજેન્દ્રસિંહ જસવંતસિંહ તથા હે.કો. ગૌતમભાઈ હિરાભાઈ તથા હે.કો. નિતિષકુમાર મહેન્દ્રભાઈ તથા પો.કો.પરબતસિંહ નારસંગભાઈ તથા લોકરક્ષક વિનયકુમાર મનસુખભાઈ તથા બીજા સ્ટાફ ના માણસો સાથે નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન કલાક ૧૮/૨૦ વાગે નિકોલ કાનબા હોસ્પીટલ પાસે આવતા લોકરક્ષક વિનયકુમારનાઓને બાતમી હકિકત મળેલ કે, "નિકોલ કાનબા હોસ્પીટલ પાસે આવેલ રાજવી રેસીડન્સી, મ.નં.સી/૫૦૩, ખાતે રહેતો શૈલેષ પટેલનામનો ઈસમ પોતાના કબ્જા ભોગવટા વાળા મકાનમાં બહારથી માણસો બોલાવી પોતાના આર્થિક લાભ સારૂ પૈસા-પાનાથી હારજીતનો અંદર-બહારનો જુગાર રમી રમાડે છે. અને હાલમાં જુગાર રમવાનું ચાલુ છે." વીગેરે બાતમી હકીકત આધારે રેઇડ કરી જુગાર રમતા શૈલેષ S/o દેવકરણભાઈ કુંવરજીભાઈ પટેલ ઉવ.૩૩ રહેવાસી:મ.નં.એ/૭૦૨, આદર્શ ફ્લેટ, અમર જવાન સર્કલ પાસે, નિકોલ, અમદાવાદ શહેર +૫= ૬ નાઓને દાવના નાણા રૂપીયા ૫,૭૦૦/-અંગઝડતીના નાણા રૂપીયા-૫૧૮૫૦/- તથા મોબાઇલ ફોન નંગ-૦૫ કિ.રૂ. ૨૯,૦૦૦/- તથા, ગંજી પાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ મળી કુલ્લે રૂપીયા-૮૬,૫૫૦/નો મુદ્દામાલ કબ્જે કરી જુગાર ધારા હેઠળ નો કેશ શોધી કાઢેલ છે.